



## અરવલ્લી જીલ્લામાં મેઘગર્જના સાથે વરસાદી માહોલથી ખેડૂતો ચિંતીત

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ થોડો દિવસો વિરામ લીધા બાદ રિટર્ન્સ થયા હોય તેમ જીલ્લાના વાતાવરણમાં ભારે પલટો આવવાની સાથે આકાશે કાળા ડિબાંગ વાદળો અને સતત થઈ રહેલી મેઘગર્જનાથી ખેડૂતો સહીત લોકોમાં ડરામણો માહોલ સર્જાયો હતો. કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકતા વાતાવરણમાં શીત લહેર પ્રસરતા અસહ્ય બફારા અને ઉકળાટથી ત્રાહિમામ પોકારી ઉઠેલા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. વરસાદી માહોલથી ખેતરમાં ઉભી ખેતીમાં રોગચાળો અને કોહવાઈ જવાની ભીતી પેદા થતા ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. રવિવારે બપોર બાદ જીલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવવાની સાથે કડાકા ભડાકા સાથે અરવલ્લી જિલ્લામા વરસાદી માહોલ જામ્યો હતો. માલપુર મેઘરજ મોડાસા ભિલોડા શામળાજી પંથકમાં વરસાદ પડ્યો હતો. માલપુર સહિત નાનાવાડા, પરસોડા, હમીરપુર, ઉભરાણ, સજ્જનપુરા કંપા, જાલમખાંટ સહીત અન્ય વિસ્તારોમાં તેમજ મેઘરજ સહિત જીતપુર, રેલ્લાવાડા, ઈસરી, બેડજ, પહડિયામાં ધોધમાર વરસાદ અને મોડાસા શહેર અને દધાલિયા, સબલપુર, ખલીકપુર, ડુંગરવાડા સહીત ગ્રામ્ય પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થતા ખેડૂતોમાં ચિંતા ફેલાઈ હતી. ભારે ગાજવીજ અને પવન સાથે વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

# ડીસા પાટણ રોડ પર ઈકો ગાડીઓનો અડીંગો

## અવારનવાર ટ્રાફીક ચક્કાજામ, ચાર રસ્તે દબાણનો પણ રાફડો

ડીસા, તા. ૨૦
બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાંથી જિલ્લા મથક પાટણ અને છેક કાઠિયાવાડને જોડતો હાઈવે પસાર થાય છે, જે રોડ ઉપર રાત-દિવસ વાહનોની વધુ અવરજવર રહે છે પરંતુ હાલમાં ડીસા પાટણ હાઈવે સર્કલનો ખાનગી ઈકો ગાડીના ચાલકોએ જાણે બથામણિયો કબ્જો કરી દીધો છે જેથી રોડ ઉપર જ ગાડીઓનો ખડકલો જોવા મળે છે, જેઓ રોડ ઉપર જ મુસાફરો બિન્દાસથી ભરે છે એટલું જ નહીં, સર્કલ આજુબાજુ દુકાનદારો તેમજ પેટ્રોલ પંપની આજુબાજુ બેફામ દબાણો કરી બેઠા છે જેના કારણે વાહનચાલકોને હેરાનગતિ થાય છે ઉપરથી ઈકો ગાડીઓના ખડકલાથી પહોળો રોડ સાંકડો બની ગયો છે, તેથી ચારે બાજૂથી આવતા વાહનોના કારણે રાહદારીઓને નીકળવું પણ મુશ્કેલ બની જાય છે જેના કારણે વાહનોની લાઈનો લાગી જતા ટ્રાફિક ચક્કાજામ થાય છે. જેમાં વાહન ચાલકો કલાકો સુધી અટવાય છે એટલું જ નહીં, સર્કલ ઉપર ગાડીઓના ખડકલાના કારણે નાના મોટા માર્ગ અકસ્માતો પણ થાય છે તેમ છતાં જવાબદાર ટ્રાફિક પોલીસ માત્ર તમાશો નિહાળે છે. આ બાબતે જાગૃત નાગરિકો દ્વારા દક્ષિણ પોલીસ મથકે વારંવાર રજુઆતો કરાય છે પણ તેમની વ્યાજબી રજૂઆત હમાના હડ માલામાં ધ્યાને લેવાતી નથી તેથી ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે. લોકમુખે ચર્ચાતી વાતો મુજબ આ રૂટ ઉપર ફરતી મોટાભાગની ઈકો ગાડી પોલીસ કર્મચારીઓની છે જેના કારણે કોઈ પગલાં ભરાતા નથી. ઉલટાનું જીપ અને અન્ય વાહનોને 'ડબલ ડોઝ' અપાય છે. જેને ગંભીરતાથી લઈ જિલ્લા પોલીસ વડા સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.




### અરવલ્લી એલસીબી પોલીસે દેવરાજધામ નજીકથી

# મહિલાનું કારમાં અપહરણ કરનાર પાંચ શખ્સોને મહેમદાબાદથી દબોચ્યા

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે. પરમારે ચાર્જ સાંભળતાંની સાથે ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઉકેલવા કમરકસી છે. ગુન્હાને અંજામ આપતા આરોપીઓમાં ફફડાટ ફેલાયો છે. દાહોદ જીલ્લાના મનખોસલા ગામના યુવકને નજીકના ગામમાં રહેતી યુવતી સાથે આંખ મળી જતા યુવક-યુવતી થોડા સમય અગાઉ પરિવારજનોની જાણ બહાર નાસી છૂટ્યા હતા. અને મોડાસાના દેવરાજ ધામ નજીક ખુલ્લામાં સુખી સંસારના સપના સાથે મજૂરી કરી જીવનનિર્વાહ ચલાવતા હતા. યુવતીના પરિવારજનોને યુવતી મોડાસામાં હોવાની જાણ થતા શનિવારે સવારે ૮ વાગ્યાના સુમારે કાર લઈ પહોંચી કામકાજ અર્થે નીકળેલ યુવતીનું અપહરણ કરી નાસી છૂટતા ભારે ચકચાર મચી હતી. શ્રમિક યુવકે તેની સાથે રહેલ યુવતીનું અપહરણ થતા પોલીસને જાણ કરતા ટાઉન પોલીસ સહીત વિવિધ એજન્સીઓ દોડી આવી હતી. મોડાસા ટાઉન પોલીસે કારમાં અજાણયા ઈસમોએ કારમાં અપહરણ થયાની ફરિયાદ નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. કારમાં યુવતીનું અપહરણ થતા જીલ્લા સહીત રાજયભરની પોલીસને એલર્ટ કરવામાં આવી હતી. અરવલ્લી એલસીબી ટીમે અપહરણકારોને ઝડપી પાડવા દાહોદ સહીત ઠેર ઠેર છાપા માર્યા હતા. એલસીબી ટીમને ગણતરીના કલાકોમાં અપહરણકરોને મહેમદાબાદથી અપહત્ય યુવતી સાથે ઝડપી પાડી યુવતીનો છુટકારો કરાવી અપહરણના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.



# હ્યુમન ટ્રાફિકિંગ : રાજસ્થાનની યુવતીને ૩૦ હજારમાં બનાસકાંઠામાં વેચી દેવાઈ

રાજસ્થાનના ઉદેપુર જિલ્લાની એક યુવતીને બનાસકાંઠા જિલ્લાના ગામમાં રૂપિયા ૩૦ હજારમાં વેચી દેવાઈ હતી. જોકે, તેને જ્યાં રાખવામાં આવી હતી. ત્યાં કોઈ વાતે વાંકુ પડતાં ઘરેથી નીકળી ગઈ હતી. જે ગુરૂવારે જલોત્રા નજીકથી મળી આવી હતી. આ અંગેનો કોલ મળતાં પાલનપુર ૧૮૧ અભિયમ દ્વારા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મુકવામાં આવી હતી.

ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાન માંથી સગીરા-યુવતીઓને નાણાં લઈ બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં વેચી દેવાનું વ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું છે. જ્યાં અગાઉ પણ આવા કિસ્સા નોંધાઈ ચુક્યા છે. ત્યારે રાજસ્થાનના ઉદેપુર જિલ્લાની એક યુવતીને બનાસકાંઠા જિલ્લાના ગામમાં રૂપિયા ૩૦ હજારમાં વેચી દેવાઈ હોવાનો હ્યુમન ટ્રાફિકિંગનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે બનાસકાંઠા ૧૮૧ અભિયમના કાઉન્સેલર જીનલ પરમારે જણાવ્યું હતું કે, જલોત્રા નજીક એક યુવતી મળી હોવાનો કોલ મળતાં મહિલા પોલીસના એલ. આર. સી.સી. ઈન્દુબેન ભગોરા સાથે ત્યાં પહોંચ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખે શુભ મુહૂર્તમાં ચાર્જ સંભાળી લીધો

બનાસકાંઠા જિલ્લા પંચાયત ના પ્રમુખ - ઉપપ્રમુખ એ આજે શુભ મુહૂર્તમાં વિધિવત રીતે પોતાનો ચાર્જ સંભાળી લીધો છે.આ પ્રસંગે પક્ષના આગેવાનો તેમજ શુભેચ્છકોએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ - ઉપપ્રમુખ ની ચૂંટણી યોજાયા બાદ પ્રમુખ તરીકે કોંગ્રેસ ના પારધી વારખીબેન ચકાભાઈ બિનહરીફ ચૂંટાયા હતા,તો ઉપપ્રમુખ પદે કોંગ્રેસના મકવાણા ભૂપતજી નાગજીજી ચૂંટાયા હતા.જિલ્લા પંચાયત ના નવ નિયુક્ત પ્રમુખ - ઉપ પ્રમુખે આજે ૧૨:૫૯ નાં શુભ મુહૂર્તમાં વિધિવત રીતે પોતાનો ચાર્જ સંભાળી લીધો છે.આ પ્રસંગે પક્ષના આગેવાનો તેમજ શુભેચ્છકોએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.



# ભિલોડાના માલાવાવના યુવાનનું અજાણ્યા ઈસમ ધ્વારા અપહરણ

ભિલોડાના માલાવાવના યુવાનનું કોઈ અજાણ્યા ઈસમ ધ્વારા કોઈ પણ કારણોસર અપહરણ કરાતા ચકચાર મચી જવા પામી છે.પરીવારજનો ચિંતાતુર હોઈ ઠેર-ઠેર શોધખોળ આદરી હતી પરંતુ યુવાનની કોઈ ભાળ મળી નથી ત્યારે યુવકના માતાએ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ વિરૂધ્ધ અપહરણનો ગુનો નોંધવતા પોલીસએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. રાયચંદભાઈના જણાવ્યા મુજબ ભિલોડાના માલાવાવ વિસ્તારના રહેવાસી આશાબેન સવજીભાઈ દેવીપુજકનો પુત્ર સુનિલ સવજીભાઈ દેવીપુજક (ઉંમર-વર્ષ - ૧૬) તા.૧૮/૯/૨૦૨૦ ને શુક્રવારના રોજ કોઈ અજાણ્યા ઈસમ ધ્વારા કોઈ પણ કારણોસર અપહરણ કરાયું હોવાનું જણાવ્યું હતું.યુવકની માતાએ અપહરણ સંદર્ભે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસએ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



### ધાનેરાની શ્રધ્ધા હોસ્પિટલમાં ઓપરેશન બાદ મહિલાનું

# મોત નિપજતા મહિલાના પરિવારજનોનો હોસ્પિટલ બહાર જાહેર રસ્તા પર હોબાળો

ડોક્ટરોની બેદરકારી નથી હોતી તો ડોક્ટરો રૂપિયા કેમ આપે છે ...? કાનૂની કાર્યવાહીથી ડોક્ટરો કેમ ડરે છે આવા અનેક સવાલો ધાનેરા માં ઉઠી રહ્યા છે.





ધાનેરાની શ્રધ્ધા હોસ્પિટલમાં ઓપરેશન બાદ મહિલાનું મોત નિપજતા મહિલાના પરિવારજનોએ હોસ્પિટલ તેમજ હોસ્પિટલ બહાર જાહેર રસ્તા પર હોબાળો મચાવ્યો હતો તો બીજી તરફ ડોક્ટરે મૃતકના પરિવારને લાખો રૂપિયા આપી પતાવટ કરી હોવાની વાતે ધાનેરામાં વેગ પકડ્યું છે.

૧૨ સપ્ટેમ્બરના રોજ લાખણી તાલુકાના ભાકડીયાલ ગામે રહેતા જવરીબેન ઠાકોર નામના દર્દી ને ધાનેરાની શ્રધ્ધા હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યું હતું અને તે બાદ તેને કોથળી નું ઓપરેશન કરવામાં આવ્યું હતું તો બીજી તરફ આ મૃતકના પરિવારજનોએ આક્ષેપ લગાવી રહ્યા છે કે ડોક્ટર દ્વારા એક નહીં પરંતુ બે વખત ઓપરેશન કરવામાં આવ્યા હતા અને બે વખત ઓપરેશન કરતાં મહિલાની હાલત બગડી હતી ત્યારે તેને વધુ સારવાર અર્થે ડીસા ખસેડવામાં આવી હતી પરંતુ ત્યાં તેનું મોત નિપજતા ઠાકોર સમાજમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી અને મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકો મૃતકની લાશને લઈ ધાનેરા આવી પહોંચ્યા હતા અને મૃતકની લાશને હોસ્પિટલમાં મૂકી હોબાળો મચાવ્યો હતો તે બાદ તમામ લોકો રસ્તા પર ઉતરી આવતા રસ્તા પર પણ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે આવી મામલો થાળે પાડયો હતો તો બીજી તરફ મીડિયા સાથેની વાતચીતમાં પણ મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યા હતા કે ડોક્ટરની બેદરકારીના કારણે જ મોત નિપજ્યું છે સમગ્ર બાબતને લઈ અમારી ટીમ દ્વારા ધાનેરાની શ્રધ્ધા હોસ્પિટલના ડોક્ટર દિનેશ પટેલ નો સંપર્ક કરતાં તેને મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મૃતકના પરિવારજનો ના આક્ષેપો પાયાવિહોણા છે અને મહિલા નું મોત નિપજતા રોષે ભરાયા છે અને મારા પર ખોટો આક્ષેપ કરી રહ્યા છે તો હવે તમે પણ સાંભળો શું કહે છે હોસ્પિટલના ડોક્ટર દિનેશ પટેલ તમે સાંભળ્યું ડોક્ટરે પોતાનો બચાવ કરતાં જણાવ્યું કે મૃતકના પરિવારજનો તેના પર ખોટો અને પાયાવિહોણા આક્ષેપ કરી રહ્યા છે તો બીજી તરફ ધાનેરામાં ચોરે ને ચોટે એક જ વાત સાંભળવા મળી રહી છે કે ડોક્ટર પર આક્ષેપો પાયાવિહોણા હતો અને ખોટા આક્ષેપો હતા તો મૃતકના પરિવારજનોને લાખો રૂપિયા કેમ આપ્યા? ....? મૃતકના પરિવારજનોને લાખો રૂપિયા આપી પતાવટ કરી હોવાની વાતે ધાનેરામાં વેગ પકડ્યું છે જો સાચે જ ડોક્ટરની બેદરકારીથી નથી તો ડોક્ટર કાનૂની કાર્યવાહી થી ડર્યા કેમ.....? અને કાનૂની કાર્યવાહી થી બચવા માટે ડૉક્ટરે મૃતકના પરિવારજનોને લાખો રૂપિયા આપ્યા અને લાખો રૂપિયાની ની સાથે સાથે ડોક્ટરે દાન કરવાનું પણ મૃતકના પરિવારજનો સમક્ષ સ્વિકાર્યુ છે આ સમગ્ર ઘટનાને જોઈ એવું લાગી રહ્યું છે કે પૈસા ના જોરથી બધું જ સમાધાન થઈ શકે છે પરંતુ ધાનેરામાં એક વરસમાં આવી જ રીતે અલગ અલગ હોસ્પિટલમાં બે થી ત્રણ મહિલાઓના મોત નિપજતા હોય છે અને મોટા ભાગના ડોક્ટરો લેતી-દેતી કરી સમાધાન કરતા હોય છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં નવા આવેલા આરોગ્ય અધિકારીશ્રી ડોક્ટર મનીષ ભાઈ ફેન્સી દ્વારા આ બાબતે તટસ્થ તપાસ કરવામાં આવે તેવી ધાનેરાના સ્થાનિક લોકોની માંગ છે.

## ધાનેરા તાલુકાના સામરવાડા ગામે ઘરની છત પડતા બેના મોત, એક ગંભીર

ધાનેરા તાલુકાના સામરવાડા ગામે રહેતાં જેતપુરી બાપજી જે બપોરના સમયે પોતે પોતાની પત્ની તેમ જ પોતાના ઘરે આવેલો તેમનો ભાણેજ આ ત્રણે લોકો બેઠા હતા તે સમય દરમિયાન અચાનક ઘરની છત તૂટી પડતા ત્રણ લોકો છત નીચે ફસાઈ જવા પામ્યા હતા છત તૂટવાનો ધડાકો સાંભળતા જ આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને આ ત્રણે લોકોને બહાર નીકાળી ધાનેરા ૧૦૮ ને જાણ કરતા ધાનેરા ૧૦૮ ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈએમટી ભરતભાઈ ચૌધરી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડ્યા હતા પરંતુ દોઢ વરસનો તેમનો ભાણેજ અને જેતપુરી બાપજી ના પત્ની નેનુ બેન નું મોત નીપજ્યું હતું જ્યારે જેતપુરી બાપજી ને પણ ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર અર્થે ધાનેરાની આયુષ સજીકલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે આ ઘટનાને લઈ સમગ્ર સામરવાડા ગામમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ ઘટનાની જાણ થતાં ધાનેરા પોલીસ પણ સિવિલ ખાતે આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે



## પ્રાંતિજ જાયન્ટસ ગૃપ દ્વારા ઉકાળાનું વિતરણ

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગ્રુપ દ્વારા જાયન્ટસ વિકની ઉજવણીના ભાગરૂપે જાયન્ટસ ગ્રુપ દ્વારા ઉકાળાનું વિતરણ વૃક્ષારોપણ તથા સિવિલ ખાતે ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા અને જાયન્ટસની કામગીરીને બિરદાવી હતી. પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજ દ્વારા જાયન્ટસ વિકની ઉજવણી કરવામાં આવી રહી છે જેમાં પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગ્રુપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વૃક્ષારોપણ કાર્યક્રમ, પ્રાંતિજ નગરના વિવિધ વિસ્તારો તથા કન્ટેઈનમેન્ટ ઝોનમાં અમૃત પેય ઉકાળો પીવડાવવામાં આવે છે. નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સિવિલ હોસ્પિટલ ખાતે પણ દર્દીઓને ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા અને જાયન્ટસ ગૃપની કામગીરીને બિરદાવી હતી. આજે તેવો સ્થળ મુલાકાત પણ લીધી હતી અને જાયન્ટસની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે જાયન્ટસ સ્થાપક ડૉ.એન.કે. ડેરિયા, જાયન્ટસ ગ્રુપના પ્રમુખ ડૉ.કેયુરભાઈ પ્રજાપતિ, સોનાસણ સરકારી આયુર્વેદિક દવાખાના ડૉ. અંકિતાબેન પરમાર, સુનીલદાસજી મહારાજ, જાયન્ટસ મંત્રી હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી, પીયુષભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.